# પ્રસાર ભારતી
# સમાચાર વિભાગ, આકાશવાણી,
# અમદાવાદ

**Date : 30-08-2025** **Midday : 2.30 to 2.35 pm**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશ્રી મહેતા** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-----------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# CM VANMAHOTSAV

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ખેડાના ગળતેશ્વર ખાતે '76મો વન મહોત્સવ' યોજાયો. દરમિયાન રાજ્યના 24મા સાંસ્કૃતિક વન 'ગળતેશ્વર વન'નું લોકાર્પણ કરાયું. આ પ્રસંગે શ્રી પટેલે જણાવ્યુ કે, રાજ્યના દરેક જિલ્લામાં 75 અમૃત સરોવરનું નિર્માણ કરવાના લક્ષ્ય કરતાં પણ વધુ સરોવરનું નિર્માણ કરાયું. તેમણે ઉમેર્યું કે એક પેડ માઁ કે નામ' અભિયાન અંતર્ગત ગયા વર્ષે 17 કરોડ 48 લાખ રોપાઓના વાવેતર સાથે ગુજરાત દેશમાં બીજા ક્રમે રહ્યું.

**(બાઇટ : ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)**

કાર્યક્રમ દરમિયાન ગુજરાત રાજ્ય જળપ્લાવિત સત્તામંડળની વેબસાઇટનો પણ શુભારંભ કરાયો. આ ઉપરાંત વિવિધ યોજનાના લાભાર્થીને લાભ અને પ્રશસ્તિપત્ર એનાયત કરાયા.

. . . . . . . . . . .

## HM GUJARAT

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજથી બે દિવસ રાજ્યના પ્રવાસે છે. આ પ્રસંગે તેઓ વિવિધ વિકાસ કાર્યોના લોકાર્પણ સહિતના કાર્યક્રમોમાં હાજરી આપશે.

શ્રી શાહ આજે સાંજે અમદાવાદના જોધપુર અને વસ્ત્રાપુરમાં ગણેશ મહોત્સવમાં ઉપસ્થિત રહેશે. આવતીકાલે સવારે ઓગણજ અને ચાંદલોડિયામાં આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કરશે. જ્યારે રાણીપ અને નવા

વાડજમાં વૃક્ષારોપણ કરશે. અમદાવાદ ભદ્રકાળી માતાના દર્શન કરશે અને લાલ દરવાજા ખાતે સરદાર બાગનું લોકાર્પણ કરશે. તેઓ આવતીકાલે સાંજે ગાંધીનગરમાં ડાયલ 112 અંતર્ગત શરૂ થયેલા જનરક્ષક પ્રોજેક્ટનું લોકાર્પણ કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## COMMONWEALTH GAMES

ભારતે અમદાવાદમાં 2030 રાષ્ટ્રમંડળ રમતોત્સવનું આયોજન કરવા માટે લંડનમાં પ્રસ્તાવ રજૂ કર્યો.

રાજ્યના રમતગમત મંત્રી હર્ષ સંઘવીએ સત્તાવાર દરખાસ્ત રજૂ કર્યા બાદ જણાવ્યું કે 2030 કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કરવાનો પ્રસ્તાવ ભારતની સુગમ અને સમાવેશી રમતગમત કાર્યક્રમ પ્રત્યેની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

## (બાઈટ – હર્ષ સંઘવી)

ભારતીય કોમનવેલ્થ ગેમ્સ એસોસિએશન અને રાજ્ય સરકાર વતી ગઈકાલે લંડનમાં કોમનવેલ્થ ગેમ્સ ફેડરેશનના પ્રમુખ ડૉ. ડોનાલ્ડ રુકારે સમક્ષ ઔપચારિક બોલી રજૂ કરવામાં આવી હતી. આ બોલીમાં અમદાવાદને કોમનવેલ્થ ગેમ્સ માટે યજમાન શહેર તરીકે સામેલ કરવામાં આવ્યું છે.

ખાસ કરીને છેલ્લા દસ વર્ષમાં, ભારતે રમતગમતને નવી દિશા આપી છે અને તમામ ખેલાડીઓ માટે નવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. અગાઉ, ભારતે 2010 કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કર્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# BHAVNAGAR – DAM

ભાવનગરના સનેસ ખાતે 17 કરોડ 83 લાખ રૂપિયાના ખર્ચે ડેમનું નવનિર્માણ કરવામાં આવશે. સરકારી 6 લાખ 40 હજાર ચોરસ મીટર જમીન વિસ્તારમાં બનાવવામાં આવનાર આ ડેમ થકી મીઠા પાણીનો સંગ્રહ કરી શકાશે. જેના થકી સનેસ તેમજ આજુ બાજુના 7 થી 8 ગામના ખેડૂતોને સિંચાઇ તેમજ પીવાના પાણીનો લાભ મળશે. ઉલ્લેખનીય છે કે, આ ડેમમાં આશરે 34.27 MCFT પાણીનો સંગ્રહ થઈ શકશે તેવો અંદાજ લગાવવામાં આવી રહ્યો છે.

. . . . . . . . . . .

# GUJARAT RAIN

ભારે વરસાદને પગલે રાજ્યના 104 જળાશય હાઇએલર્ટ પર છે. રાજ્યની જીવાદોરી સમાન નર્મદા બંધ 94 ટકા ભરાયો છે ડેમની જળ

સપાટી 136 મીટરે પહોંચી છે ત્યારે ડેમમાંથી ત્રણ લાખ ક્યુસેક જેટલું પાણી છોડાશે. જેને પગલે વડોદરા, ભરૂચ અને નર્મદા જિલ્લાના નદીકાંઠાના ગામને એલર્ટ કરાયા છે.દક્ષિણ ગુજરાતની જીવાદોરી સમા ઉકાઈ બંધના 8 દરવાજા ખોલી 95 હજાર ક્યુસેક અને કરજણ બંધમાંથી 8 હજાર ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. જ્યારે અમદાવાદના વાસણા બંધમાં 11 દરવાજા ખોલી 28 હજાર ક્યુસેક પાણી છોડાયું છે.

રાજ્યમાં આજે 66 તાલુકામાં વરસાદ નોંધાયો છે જેમાં પંચમહાલના હાલોલમાં આજે 8 ઇંચથી વધુ વરસાદ પડ્યો છે. ભારે વરસાદને કારણે ગોધરાની મેસરી નદી પરનો કોઝવે અને સાંપા પાસેનો કોઝવે પાણીમાં ગરકાવ થયો છે. જ્યારે આણંદના ઉમરેઠમાં સાડા ચાર ઇંચ અને બોરસદમાં 3 ઇંચ વરસાદ વરસ્યો છે. રાજ્યમાં મોસમનો સરેરાશ 88 ટકા વરસાદ નોંધાયો છે. રાજ્યમાં પૂર્વ મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં આજે ભારે વરસાદની આગાહી છે.

. . . . . . . . . . .

# E – RIKSHAW – DANG

ડાંગ જિલ્લાની 16 ગ્રામ પંચાયતમાં ઘન કચરાના વ્યવસ્થાપન માટે ઈ – રીક્ષાનું લોકાર્પણ કરવામાં આવ્યું. ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજય પટેલે ઈ – રીક્ષાને લીલી ઝંડી આપતા જણાવ્યું કે, આ તમામ રીક્ષાનો હેતુ સાર્થક થાય અને શેરી મહોલ્લા સ્વચ્છ રહે તે ખૂબ જરૂરી છે. ઉલ્લેખનીય છે કે, આ કાર્યક્રમમાં આહવાની 7, વઘઇની 5

તેમજ સુબીર તાલુકાની 4 ગ્રામ પંચાયતમાં ઈ – રીક્ષાની ફાળવણી કરવામાં આવી છે.

. . . . . . . . . . .